નવગુજરાત સમય

# RBI આજે વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા

સામાન્ય ચૂંટણીનો માહોલ, યુક્રેન-ક્રિમીયા જેવી ભૌગોલિક-રાજકીય અસ્થિરતા તેમજ ફરી માથું ઊંચકી રહેલા અલ નિનો જેવાં પરિબળોને કારણે ભારતીય રિઝર્વ બેંક આજે તેની નીતિ સમીક્ષા દરમિયાન વ્યાજદરમાં કોઈ ફેરફાર કરે તેવી શક્યતા નહીંવત્ છે. છેલ્લા થોડા મહિનામાં ફુગાવાનો દર નીચો આવી રહ્યો હોવા છતાં હાલના ૮% રેપોરેટમાં કદાચ કોઈ ફેરફાર નહીં થાય. ફુગાવાને કાબુમાં રાખવા આરબીઆઈ આતુર છે અને ઉર્જિત પટેલ સમિતિની ભલામણોનો અમલ હજુ કરવાનો



બાકી છે તેમ છતાં આરબીઆઈનું મુખ્ય ફોકસ ફુગાવો હજુ નીચે લાવવા પર રહેશે. જાન્યુઆરીમાં ફુગાવાનો દર ૮.૬ ટકા હતો તે ફેબ્રુઆરીમાં ઘટીને ૮.૧ ટકા થયો હતો. નવેમ્બરમાં ફુગાવો ૧૧.૨૫ ટકા જેટલા ઊંચા દરે હતો. અલબત્ત, અલ નિનો (દરિયાઈ તાપમાન વધવાથી ભારતમાં ચોમાસાને અસર કરવાની શક્યતા)ની સંભાવના આ વર્ષે ૫૦ ટકા છે તેથી ભાવોની સ્થિતિ ઘણી અનિશ્ચિત છે. અલ નિનોની જ્યારે જ્યારે અસર થાય છે ત્યારે તે વર્ષે ભારતના કૃષિ જીડીપીમાં સરેરાશ બે થી ૨.૫ ટકાનો ઘટાડો થાય છે. આ વર્ષે અલ નિનોની વધુ સંભાવનાને કારણે વર્ષના ઉત્તરાર્ધમાં ફુગાવાનો દર ૧૨ ટકા રહેવાની બાર્કલેસની ધારણા છે. ઉર્જિત પટેલ સમિતિ ઈચ્છે છે કે માર્ચ ૨૦૧૫ સુધીમાં ફુગાવાનો દર ચાર થી છ ટકા સુધી આવવો જોઈએ. હાલ ફુગાવો ઘટ્યો છે, પરંતુ આરબીઆઈ જે ઈચ્છે છે તે સ્તરે આવે એવું લાગતું નથી. વળી, ૧૬મેએ લોકસભા ચૂંટણીનાં પરિણામ આવે ત્યારબાદ પૂર્ણ કદનું બજેટ રજૂ થાય તેના પર ઘણો આધાર છે. નવી સરકારની નાણા નીતિ સ્પષ્ટ થશે ત્યારબાદ ભારતીય રિઝર્વ બેંક તેની નાણાકીય નીતિનું ભાવિ નક્કી કરશે અને તેમાં મહત્ત્વનું એ છે કે બન્નેનાં પગલાં એકબીજાને સાનુકૂળ હોવાં જોઈએ. આ સિવાય જોકે યુએસ ફેડ ટેપરિંગ જેવાં બાહ્ય પરિબળો તો રહેશે જ જેની હવે ભારત પર અસર થવાની શક્યતા ઘણી ઓછી છે. પરંતુ તેની સામે યુક્રેન તેમજ યુએસ માર્કેટમાં શૅકઅપ જેવાં ભૌગોલિક-રાજકીય કારણો ચિંતાજનક છે કેમકે આ પરિબળોની ભારત પર અવળી અસરો પડી શકે છે.